# મારા બાપુની કહાણી

કોણ કહે છે કે માતા મહાન છે અને પીતા પડછાયા સમાન છે?
મારા જીવનમાં આવેલા મારા બન્ને પીતાને મારા પ્રણામ..

એક પીતાએ મારાં ગુમુતર ધોયાં; જ્યારે બીજા પીતાનાં ગુમુતર મેં ધોયાં.
એકની બની હું લક્ષ્મી; જ્યારે બીજાની હું હતી કુળલક્ષ્મી.
એક પીતાએ મને ખાતાં શીખવ્યું; જ્યારે બીજા પીતાને મેં રાંધી ખવડાવ્યું.
એકે મને આંગળી આપી ચાલતાં શીખવ્યું; જ્યારે બીજાની હું ઘડપણમાં લાકડી બની.
એકે મને જન્મતાંની સાથે કપડાં પહેરાવ્યાં; જ્યારે બીજાને મેં મૃત્યુ સુધી કપડાંથી ઢાંક્યા.
છેલ્લે દીધી વીદાય કફનમાં.

એકે દીકરીને વીદાય આપી; જ્યારે મેં બીજાને મૃત્યુની ચીર શાંતીમાં વીદાય આપી.
એકે મને કન્યાદાન આપ્યું; જ્યારે બીજાના અગ્નીદાનમાં મેં ભાગ લીધો.
એકે મને વીદ્યા આપી; બીજાને મેં વીદ્યાના ફળરુપી કમાણી આપી.
એકે મને સંસ્કાર આપ્યા; બીજાને મેં મળેલા સંસ્કારથી દીપાવ્યા.
એકે મને બાળપણનું સુખ આપ્યું; બીજાનું મેં ઘડપણ સંભાળ્યું.
એકને મેં નાના બનાવ્યા; જ્યારે બીજાને મેં દાદા બનાવી કુળમાં વધારો કર્યો.

મેં નથી માગ્યું મારું નામ તેઓનાં વસીયતનામામાં.
ઈચ્છા હતી, દીલમાં સેવા કરવાની અને આશીર્વાદ લેવાની.
આ હતું મારું જીવનભરનું ભાથું. આ બંને પીતાને મેં પ્રણામ કર્યાં, ત્યારે બંને પીતાએ મને આશીર્વાદરુપી મુડી આપી.

પીતા, તમે મને સહારો આપતા. તમે મારા મનની શાંતી લઈને બંને ભરઉંઘમાં પોઢી ગયા.
હું એકને મળી મારા જીવનના પ્રભાતે; બીજાનો સંગાથ રહ્યો બાપુ, તમારી જીવનસંધ્યાએ.
ફક્ત એ જ તમારા બંનેમાં ફરક હતો, તેમ છતાં તમે બંને હતા મારા પીતા.

હું હતી એકની પુત્રી; અને બીજાની હતી પુત્રવધુ.
આ તો મારું જીવન હતું બંને પીતાઓ સાથેનું, જેનું સંભારણું જ હવે મારી પાસે છે;
અને તેમની મીઠી યાદ છે.

આ તો જન્મથી મૃત્યુ સુધીની મારા બંને પીતાની કહાણી છે.

....મંજુલા એમ. પારેખ....
**5-Hails Park, EDINBURGH, EH13 0NG-UK**

લંડનથી પ્રગટતા માસીક **“ઓપીનીયન”**ના જાન્યુઆરી–૧૯૯૯ના અંકમાંથી સાભાર,
(**“ઉંઝા જોડણી”**માં અને **વીજયા-કલાપી** ફોન્ટમાં–) પુનર્લેખનઃ **uttamgajjar@hotmail.com**

PDF created with pdfFactory trial version www.pdffactory.com